# પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
## ગુ.રા.,સેકટર-૧૮,ગાંધીનગર.

BY- GSWAN

ક્રમાંક:જી-૧(ક્રાઈમ)/ટે-૧/પરચ-૨૧/૧૧/૯૪૦૦/૨૦૧૧

તા.૧૦-૦૫-૨૦૧૧


વિષયઃ સ્થાવર મિલ્કતોની અંગત તકરારોની કાર્યવાહીમાં પોલીસ કર્મચારી/અધિકારીઓ દ્વારા સીધી કે આડકતરી રીતે પક્ષકાર તરફદારી કે માધ્યમ બનવા બાબત.

હવાલોઃ- ૧)ગૃહવિભાગનાં પત્ર ક્રમાંકઃરા.ક.મ.ગૃહ,ન.આ.અને વા.વ્ય/જન-૧૩૦૨૮/૨(ગ) તા.૧૬/૭/૨૦૦૩

૨)અત્રેના પરિપત્ર-૮ ક્રમાંકઃજી-૧/બી/ટે.૨/૯૨૭/૨૦૦૩ તા.૨૩/૭/૨૦૦૩

૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃજી-૧(કા×વ્ય)/ટે-૨/સ્થાવર મિલ્કત/૫૮૧/૧૧ તા.૨૮/૨/૨૦૧૧

સ્થાવર મિલ્કતોની અંગત તકરારોની કાર્યવાહી અંગે ગૃહવિભાગના હવાલા નંબર-૧ તથા અત્રેથી હવાલા નંબર-૨ અને ૩ના પત્ર અનુસંધાને મુદ્દા નંબર ૧ થી ૧૬ સુધીની સુચના આપવામાં આવેલ હતી. જે બાબતે નીચે મુજબનું વધુ સ્પષ્ટીકરણ કરવામાં આવે છે.

૧. ગેરકાયદેસર કબજો જમાવેલ હોય તે ગુનામાં આરોપીની ધરપકડ કરવામાં આવે છે. આરોપી જામીન ઉપર છુટયાબાદ ગેરકાયદેસર કબજો ચાલુ રાખે તો નવો ગુનો બને છે. જામીનની તારીખ પછી જયારથી ગેરકાયદેસર કબજો ચાલુ થાય છે ત્યારથી નવી એફ.આઇ.આર.દાખલ થાય ત્યાં સુધીના સમયગાળાના ગેરકાયદેસર કબ્જા માટે નવીન ગુનો દાખલ કરી શકાય છે. કસુરવાર જામીન પર છુટે અને ગેર કાયદેસર કબ્જો ચાલુ રાખે તો વારંવાર ગુનાઓ દાખલ કરીને કાયદેસર કરી શકાય છે.

૨. જમીનની માલીકી કોર્ટ, કલેકટર કચેરી, સ્થાનીક સ્વાયત સંસ્થા(મહાનગર પાલીકા,નગર પાલીકા, પંચાયત) નિયત કરે છે.પોલીસને કબ્જા જોવાનું રહે છે.

૩. જમીન મકાનમાં પ્રવેશ અને પ્રાથમિક કબજો કાયદેસર હોય અને ત્યારબાદ અનઅધિકૃત બને તો ફોજદારી ગુનો બનતો નથી દા.ત. ભાડૂઆત લીઝના પીરિયડ પુરૂ થાય છતાં જમીન મકાન ખાલી ન કરે.

૪. જમીનમાં પ્રવેશ ગેરકાયદેસર હોય અને શરૂઆતથી કબજો ગેરકાયદેસર હોય તો આ ફોજદારી ગુનો બને છે.

૫. કબ્જો કાયદેસર છે કે ગેરકાયદેસર છે તે દરેક કેસમાં પડેલ પુરાવા આધારે જાણી શકાય છે.

૬. સરકારી જમીન,કોર્પોરેશન કે પંચાયતની જમીન ઉપર ગેરકાયદેસર કબ્જો હોય તો જે તે ખાતાનુ ધ્યાન દોરીને તેમના માલીકીના/કબ્જાના પુરાવા સાથે તેમની ગેરકાયદેસર પ્રવેશ અને કબ્જાની ફરીયાદ લેવી..

૭. પોલીસ ખાતાને શ્રીસરકારવતી ફરીયાદ દાખલ કરવાની સત્તા છે જેથી બિલ્ડર,મોટામાથા,ગુનાહિત તત્વો જો સરકાર,મહાનગર પાલીકા,નગરપાલીકા કે પંચાયની જમીન ઉપર ગેરકાયદેસર કબજો કરે અને સરકારી ખાતા,મહાનગર પાલીકા,નગર પાલીકા કે પંચાયતના અધિકારીઓ અગમ્ય કારણોસર ફરીયાદ નહિ રજુ કરે તો પોલીસ સ્ટેશન ઇન્ચાર્જની ફરજ છે કે શ્રીસરકારવતી પ્રજાની સંપત્તિની રક્ષા માટે એફ.આઇ.આર.દાખલ કરે. રાજકોટ શહેર અને સુરત શહેરમાં આવી ફરીયાદો પોલીસે દાખલ કરેલ છે અને "પાસા" પણ કરેલ છે. જેથી ભૂ માફિયા વિરૂધ્ધ પગલા લેવા પોલીસ ખાતાને સુચના છે.

૮. સરકારી/મહાનગર પાલિકા/નગર પાલિકાની જમીન ઉપર માફિયા તત્વો ગેરકાયદેસર કબજો કરીને ઝુપડાઓ બનાવીને મજૂરોને વસાવી તેમની પાસેથી ભાડૂ વસૂલ કરે છે.તેવી ફરીયાદો અને "પાસા"ના કેસો રાજકોટ શહેર 'બી'ડીવીઝન અને સુરત શહેર સચિન પો.સ્ટે.માં થયા છે.આ કેસો ગેરકાયદેસર કબજા ઉપરાંત ઇપીકો કલમ ૩૮૪ અથવા કલમ ૪૨૦ના ગુનાઓ હતા.આવા કેસોમાં જે તે કચેરી મારફતે અથવા શ્રીસરકારવતી ફરીયાદો દાખલ થઇ શકે છે.

૯ ગરીબ વર્ગ જેમના માટે સરકાર તરફથી મફત જમીનની યોજનાઓ બને છે તેમને ટારગેટ બનાવવી નહિ પણ કલેકટર,મહાનગર પાલિકા,નગરપાલિકા,પંચાયત તરફથી ફરીયાદ પુરાવા સાથે રજુ થાય તો દાખલ કરવી

૧૦. તપાસમાં પડેલ પુરાવા આધારે કાયદેસર રીતે કબ્જો ધરાવનારને પોલીસ રક્ષણ આપી શકાય છે. પોલીસ માટે માલિકી કરતા કાયદેસરનો કબ્જો મહત્વનું છે. ગેરકાયદેસરનો કબ્જો એ કાયદાની નજરમાં કબ્જો નથી. જેની નોંધ લેવી.

(સુધીર સિન્હા)
અધિક પોલીસ મહાનિદેશક
કાયદો અને વ્યવસ્થા,ગુ.રા.ગાંધીનગર
10/5/11

પ્રતિ,
- તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ
- તમામ પોલીસ અધિક્ષકશ્રીઓ ( રેલ્વે સહિત)

<u>નકલ રવાનાઃ- (જાણસારૂ)</u>
- તમામ અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ
- તમામ રેન્જ વડાશ્રીઓ.
- તમામ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ
- અત્રેની કચેરીની રેકર્ડ શાખા તરફ પરિપત્ર ફાઇલે રાખવા સારૂ.